# ગુજરાત યુનિવર્સિટી

નં.પરીક્ષા/2ndYear/એનરોલમેન્ટ/ ૧૩૩૧૭ /૨૦૨૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા. અમદાવાદ-૩૮૦૦૦૯

**પરિપત્ર ક્રમાંક : ૧૩૭**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, નર્સિંગ, પ્રોસ્થોટિક્સ એન્ડ ઓર્થોટિક્સ, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓડીયોલોજી એન્ડ સ્પિચ લેંગ્વેઝ પેથોલોજી વિદ્યાશાખાઓની તમામ કોલેજોના આચાર્યો/અધ્યક્ષશ્રીનું આ યુનિવર્સિટીના ઓર્ડિ.૬૯ તરફ ધ્યાન દોરી જણાવવાનું કે, આપની સંસ્થા/કોલેજમાં શૈક્ષણિક **વર્ષ ૨૦૨૪-૨૫ બીજા વર્ષમાં** પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ઓનલાઈન ભરી તથા ફી વિદ્યાર્થીઓ પાસેથી ભરાવી, વિદ્યાર્થીઓની માહિતી નિયત પત્રક સાથે આ કાર્યાલયને **તા:૨૮/03/૨૦૨૫** સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

ત્યારબાદ **એનરોલમેન્ટ ફોર્મ તા: ૦૪/૦૪/૨૦૨૫ સુધી રૂ.૫૦૦/- અને તા:૧૧/૦૪/૨૦૨૫ સુધી રૂ.૧૦૦૦/- લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે**. ત્યારબાદ માન. કુલપતિશ્રી દ્વારા નિયત દંડનીય ફી સિવાય કોઈ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વિકારવામાં નહીં આવે. જેની ખાસ નોંધ લેશો.

**આ ફોર્મ ઓનલાઈન ભરવાના હોઈ રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના વડાશ્રીનો સંપર્ક સાધવો. એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે. (રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર સંપર્ક : ૦૭૯-૨૬૩૦૦૮૭૭)**

૧) એનરોલમેન્ટની વિગતો ભરવા માટે કોલેજને આપવામાં આવેલ Login Id અને Password દ્વારા Login કરવાનું રહેશે.

**અ.** વિદ્યાર્થીઓની માહિતી Prefilled Enrolment From માં નહિ હોય, જેથી કોલેજ દ્વારા Blank Enrolment From Print કાઢીને જે તે વિદ્યાર્થીઓ પાસે સંપૂર્ણ માહિતી ભરાવીને તે ફોર્મની Online Entry કરવી ત્યાર બાદ તે Online Enrolment From ની Print કાઢીને જે તે વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવવી અને કોઈ માહિતી સુધારવાની થતી હોય તો તે વિદ્યાર્થી પાસે સુધારવી. Online સીધારો કોલેજે કરવાનો રહેશે.

ઉપર 'અ' મુજબ કોલેજે ઓનલાઈન સુધારા કર્યા બાદ Enrolment Fromની પ્રિન્ટ કરી જે

તે વિદ્યાર્થી અને આચાર્યાશ્રીની સહી કરાવી યુનીવર્સીટી ખાતે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ફોર્મ રૂ.૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે.

**<u>ખાસ સૂચના :</u>** દરેક કોલેજે જે-તે વિદ્યાર્થીને માત્ર તે વિદ્યાર્થીનું જ Enrolment From ચકાસવા આપવું. Enrolment From ની આખી PDF કોઈ વિદ્યાર્થીને ન આપવી, તેમજ સોશ્યલ મીડીયામાં શેર નાં કરવી.

**૨)** વિદ્યાર્થીઓ જયારે એનરોલમેન્ટ માટે અરજી કરે ત્યારે તેમાં તેનું નામ, છેલ્લે પાસ કરેલ હાયર સેકન્ડરી/પ્રથમ વર્ષની પરીક્ષાનાં ગુણપત્રક પ્રમાણે જ ભરે, તેમજ બેઠક નંબર પણ સાચો દર્શાવે તેવી સૂચના વિદ્યાર્થીઓને આપવી તેમજ જરૂર જણાય તો નોટીસ બોર્ડ પર આ પ્રકારની જરૂરી સૂચના મુકવી જેથી કોમ્પ્યુટર ચેકિંગમાં ક્ષતિઓ ઓછી આવે.

**૩)** એનરોલમેન્ટ ફોર્મ ફી પેટે કોર્સ ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર "કુલસચિવશ્રી" ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ-૩૮૦૦૦૯" ને મોકલી આપવો. ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર બેંક કમિશનની રકમ બાદ કરી કઢાવવાનો રહેશે.

**૪)** આ કાર્યાલયના તા.૨૬-૦૨-૨૦૧૪ નાં પત્રાંક : એકે/૯૮૪૧૦/૨૦૧૪ નાં સદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવલોપમેન્ટ ફી એ એનરોલ્મેન્ટ ફી સાથે જ જમા કરાવવાની થાય છે. આથી એનરોલ્મેન્ટ ફોર્મ સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફટ લાવવાનો રહશે. આ ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોધ લેશો.

**૫)** વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલ્મેન્ટ ફોર્મ ઉપર ક્રમાંક ૧ માં આપેલ સૂચના મુજબ From ની પ્રિન્ટ કરી જે તે વિદ્યાર્થી અને આચાર્યાશ્રીની સહી કરાવી યુનીવર્સીટી ખાતે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ફોર્મ રૂ.૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે. ફોર્વર્ડિંગ લેટર સાથે જનરેટ થયેલ પાળીની બે નકલ સાથે આ કાર્યાલયમાં **<u>તા.28/03/2025</u>** સીધીમાં જમા કરાવવાના રહેશે.

**કુલસચિવ**

**પ્રતિ:**

૧. યુનિવર્સિટી સંલગ્ન ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, નર્સિંગ, પ્રોસ્થોટિક્સ એન્ડ ઓર્થોટિક્સ, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી અને ઓડીયોલોજી એન્ડ સ્પિચ, લેંગ્વેઝ પેથોલોજીની તમામ કોલેજોના આચાર્યો/અધ્યક્ષશ્રીઓ.

૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)

૩. ચીફ એકાઉન્ટ્સ ઓફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.

**નોંધ: પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી થઈ ગયા પછી જ એનરોલમેન્ટ માટે ડી.ડી. તૈયાર કરશો. જેથી ફોર્મ અને ડી.ડી.માં એકરૂપતા જળવાઈ રહે.**

**<u>દરેક એનરોલમેન્ટ ફોર્મની સાથે નીચે જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજો બિડવાના રહેશે.</u>**

1. એડમિશન/એલોટમેન્ટ લેટર
2. ધોરણ-૧૨ ની માર્કશીટ
3. પ્રથમ વર્ષની માર્કશીટ
4. બન્ને યુનીવર્સીટી અને કોલેજોનાં N O C ની નકલ
5. સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ
6. NEET સ્કોર કાર્ડ (એમબીબીએસ, બીડીએસ અને બીએચએમએસ માટે)
7. Provisional Eligibility Certificate (PEC)